


# સેવાદિન

# તીર્થભૂમિ નિલોષા

તા. ૪-૯-૨૦૧૧
રવિવાર

આજે આપણે નિલોષા સેવાતીર્થની તેત્રીસમી જન્મજયંતી ઉજવી રહ્યા છીએ. સેવાદિન અને માનવતાદિન વચ્ચે બે દિવસનું જ અંતર છે તો સેવા + માનવતાનું અદ્વૈત મનાવીએ. માનવતાનો ભાવ હૃદયમાં હશે તો જ સેવાની સરવાણી ફૂટશે ને !

ચાર સપ્ટેમ્બર ૧૯૭૯ ના પાવન દિવસે માતાજીએ વાત્સલ્ય વર્ષાવ્યું અને નિલોષા ભૂમિનું આધ્યાત્મિક પ્રાગટ્ય કર્યું. માતાપિતાની અનન્યભાવે સેવા કરીને નિલોષા દંપત્તિ શ્રી નલિનકુમાર અને શ્રીમતી ઉષાબેને આ ભૂમિમાં સેવાના સાથીયા તો પૂરી જ દીધા હતા. માતાજીએ નિલોષા ભૂમિને સેવાતીર્થની મહોર મારી, સેવાનો સાગર રચવાનો એંધાણ આપી દીધા.

રાજયોગી નરેન્દ્રજીના માધ્યમ દ્વારા આધિ, વ્યાધિ, ઉપાધિથી ત્રસ્ત વ્યક્તિઓને અહિયાં નિ:શુલ્ક આધ્યાત્મિક ઓસડિયાં મળે છે. દુ:ખની પોટલી મૂકીને, સુખની સંદુક લઈને વ્યક્તિ જ્યારે નિલોષામાંથી વિદાય થાય છે ત્યારે તેની ચાલ, તેના હાવભાવમાં હળવાશ વર્તાય છે. હાસ્યની લકીર મુખ પર ઉપસી આવે છે.

આ પાવનભૂમિ માતાજી દ્વારા નિર્દેશ કરેલી અને રાજયોગીજી દ્વારા પ્રવૃત્ત થયેલી આધ્યાત્મિક કર્મભૂમિ છે. આ ભૂમિમાં માતાજીના પાવન પગલાં પડ્યાં છે. પ્રેમ વરસાવ્યો છે અને પ્રસાદ આરોગ્યો છે.

માતાજીની સૂક્ષ્મ હાજરીમાંથી નીતરતા વાત્સલ્યની અનુભૂતિ શ્રદ્ધાળુ ભક્તોને થતી રહે છે.

મંત્રજાપ, સત્સંગ અને સેવાના તપથી આ ભૂમિના કણકણને તપાવવાના છે. અહીંના વાયુમંડળમાંથી સાત્વિક સુવાસ અને ૐ મા ૐ નો મંત્રધ્વનિ અવિરતપણે વહેતો રહેશે, ગુંજતો રહેશે.

નિલોષા શાશ્વત સેવાતીર્થ બની રહેશે.

મારા આપ સર્વેને આશીર્વાદ છે.

**ૐ મા ૐ**

**રાજયોગી નરેન્દ્રજી**